

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૯ * * * સંવત ૨૦૮૨ આસો અમાસ, સોમવાર ૯ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

૪ વર્ષ પછી મુહૂર્તના સોદાઓમાં શેરબજાર ઘટ્યું



સેન્સેક્સ અને નિફ્ટી થોડા ઘટીને બંધ થયા, સાત દિવસની તેજી પછી નફાવસૂલીની અસર

છેલ્લા આઠ વર્ષથી દિવાળીના મુહુર્ત ટ્રેડિંગમાં શેરબજાર વધીને બંધ થતું રહ્યું હતું

મીડિયા અને ફાર્માસ્યુટિકલ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી

મુંબઈ, 8 (PTI). ૭ દિવસની તેજી બાદ રોકાણકારો દ્વારા કરવામાં આવેલી નફાવસૂલીને કારણે રવિવારે યોજાયેલા ખાસ મુહૂર્ત ટ્રેડિંગ સેશનમાં બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી સામાન્ય ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આ સાથે જ છેલ્લાં આઠ વર્ષથી દિવાળીના દિવસે જોવા મળતી તેજીની પરંપરા પણ અટકી હતી.

હિન્દુ કેલેન્ડરના નૂતન વર્ષ વિક્રમ સંવત 2083ના પ્રારંભ નિમિત્તે યોજાયેલા વિશેષ ટ્રેડિંગ સેશનની શરૂઆત તેજી સાથે થઈ હતી, પરંતુ 30 શેર વાળો BSE સેન્સેક્સ આ તેજી ટકાવી શક્યો નહોતો. સેન્સેક્સ 28.62 પોઈન્ટ(0.04 ટકા) ઘટીને 80,999.40 ના મથાળે બંધ રહ્યો હતો, જેમાં તેના 16 શેર વધારા સાથે અને 14 શેર ઘટાડા સાથે બંધ રહ્યા હતા. દિવાળીના આ ખાસ સેશન દરમિયાન સેન્સેક્સ 414.09 પોઈન્ટ (0.51 ટકા) વધીને 81,442.11 ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. બીજી તરફ, 50 શેર વાળો NSE નિફ્ટી પણ સકારાત્મક શરૂઆત બાદ 43.95 પોઈન્ટ (0.18 ટકા) ના ઘટાડા સાથે 24,986.40 પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની 30 મુખ્ય કંપનીઓમાંથી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઈન્ટરગ્લોબ એવિએશન,

...અનુસંધાન પાના 2 પર

હિન્દુઓએ ટેક્સાસમાં ડેમોક્રેટોને જીતાડ્યા હોવાના આક્ષેપ સાથે

સીએટલમાં રૂઢિચુસ્ત ખ્રિસ્તી જૂથે દિવાળી ઉજવણીમાં ભંગ પાડ્યો

રૂઢિચુસ્ત કાર્યકરોએ 'ચાંદલાવાળાઓને કાઢી મૂકો' લખેલા પ્લેકાર્ડ્સ સાથે ઘસી જઇને નૃત્ય પ્રસ્તુતી અટકાવી

હુમલાને ભારતીય મૂળના રાજકારણીઓ, સંગઠનોએ વખોડી નાખ્યો, વ્યાપક રોષ

મુખ્ય હુમલાખોર જેક લેંગ અમેરિકી સંસદ પર હુમલાના કેસમાં જેલવાસ ભોગવી આવ્યો છે, ટ્રમ્પે માફી આપી હતી





વૉશિંગ્ટન, તા. ૮ (PTI): જેક લેંગની આગેવાની હેઠળના રૂઢિચુસ્ત કાર્યકરોએ સીએટલમાં દિવાળીની ઉજવણીમાં ઘસી જઈને તમામ 'ડોટ હેડ્સ'(ભારતીયો/હિંદુઓ માટે વપરાતો વંશીય કટાક્ષ)ને દેશનિકાલ કરવાની માંગ કરતા પ્લેકાર્ડ દર્શાવ્યા હતા. આ ઘટનાને અમેરિકી સાંસદો અને ભારતીય સમુદાયના નેતાઓ દ્વારા સખત શબ્દોમાં નકારી કાઢવામાં આવી છે.

શનિવારે એક નૃત્ય પ્રસ્તુતિ થઈ રહી હતી તે સ્ટેજની સામે લેંગ અને તેના સાથી કાર્યકર્તા થોમસ એલને અમેરિકન ધ્વજ લહેરાવ્યો હતો અને 'ચાંદલો કરનારા તમામને હાંકી કાઢો' અને 'ખ્રિસ્તીઓનું સ્થાન લેતા હિન્દુઓને અટકાવો' જેવા સૂત્રો લખેલા પ્લેકાર્ડ્સ પ્રદર્શિત કર્યા હતા. સીએટલમાં દિવાળી ઉજવણીમાં થયેલા આ હંગામાના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. સીએટલ સેન્ટર આર્મરી ખાતે ચાલી રહેલી દિવાળી ઉજવણીમાંથી જો કે આ કાર્યકરોને ટૂંક સમયમાં બહાર કાઢવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ 'સીએટલ સેન્ટર ફેસ્ટીવલ'નો એક ભાગ હતો, જે ૨૫ મફત સાંસ્કૃતિક

...અનુસંધાન પાના 2 પર

ઈઝરાયેલમાં નેતાન્યાહુના હરીફ ગાદી આઈઝનકોટને સરકાર રચવા પ્રથમ તક

ગાદી આઇઝનકોટ પાસે સરકારની રચના માટ છ સપ્તાહનો સમય

આ સમય દરમ્યાન ઘણી વાટાઘાટો અને દાવપેચ થાય તેવી વકી



તેલ અવીવ, તા. 8(AP): ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના મુખ્ય હરીફ, ગાદી આઈઝનકોટને આગામી સરકાર બનાવવા માટે પસંદ કર્યા છે.

રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગે 27 ઓક્ટોબરે સંસદ માટે ચૂંટાયેલા પક્ષો સાથે દિવસો સુધી ચર્ચા-વિચારણા કર્યા બાદ શનિવારે મોડી રાત્રે આ નિર્ણયની જાહેરાત કરી હતી. હર્ઝોગનો આ નિર્ણય નેતન્યાહુ માટે વધુ એક ફટકો છે, જેમણે ચૂંટણીમાં સંસદમાં પોતાની બહુમતી ગુમાવી દીધી છે. પરંતુ આ ગેરંટી આપતું નથી કે આઈઝનકોટ જ આગામી પ્રધાનમંત્રી બનશે. રવિવારે એક સત્તાવાર સમારોહ પછી, આઈઝનકોટ સંભવિત ગઠબંધન ભાગીદારો સાથે જટિલ વાટાઘાટો શરૂ કરશે. સરકાર બનાવવા માટે તેમની પાસે છ અઠવાડિયા સુધીનો સમય હશે. તે જ સમયે, નેતન્યાહુ આઈઝનકોટને સફળ થતાં રોકવાનો પ્રયાસ કરશે.

ઈઝરાયેલમાં, લોકો પક્ષો માટે મત આપે છે, જે ગઠબંધન બનાવે છે. સરકાર બનાવવા માટે ગઠબંધન પાસે 120 સભ્યોની એસેમ્બલીમાં ઓછામાં ઓછી 61 બેઠકોની બહુમતી હોવી જરૂરી છે. ચૂંટણીમાં નેતન્યાહુ કે આઈઝનકોટમાંથી કોઈને

કોંગ્રેસને મળતા દાન 75 ટકા ઘટ્યા : એક દાયકામાં સૌથી મોટો ઘટાડો

ગયા નાણાકીય વર્ષમાં કોંગ્રેસને રૂ. 160.69 કરોડનું દાન મળ્યું, આગલા વર્ષની સરખામણીમાં 75 ટકા ઓછું

કોંગ્રેસને મળતા દાનમાં જો કે સૌથી મોટો ઘટાડો 2015-16માં 86 ટકા થયો હતો

નવી દિલ્હી, તા. 8 (PTI): ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ફાઈલિંગના વિશ્લેષણ દર્શાવે છે કે ૨૦૨૫-૨૬માં રૂ. ૨૦,૦૦૦થી વધુના દાનમાંથી પક્ષની આવક રોકડેથી લગભગ ૭૫ ટકા ઘટીને રૂ. ૧૩૦.૬૯ કરોડ થઈ ગઈ છે, જે એક દાયકામાં આવા યોગદાનમાં સૌથી મોટો વાર્ષિક ઘટાડો છે.

પક્ષને ૨૦૨૪-૨૫માં ચૂંટણી પંચને સુપ્રત કરાયેલા યોગદાન અહેવાલ અનુસાર આવા યોગદાનમાં રૂ. ૫૧૭.૩૯ કરોડ મળ્યા હતા. અગાઉના ૧૨ નાણાકીય વર્ષો સાથે સરખામણી દર્શાવે છે કે છેલ્લે આનાથી મોટો ઘટાડો ૨૦૧૫-૧૬માં થયો હતો, જ્યારે કોંગ્રેસના જાહેર કરાયેલા દાન અગાઉના વર્ષના રૂ. ૧૪૧.૪૬ કરોડથી આશરે ૮૬ ટકા ઘટી ગયા હતા.

તાજેતરનો આ ઘટાડો વધુ આવકવાળા સતત બે વર્ષ પછી આવ્યો છે. કોંગ્રેસને ૨૦૨૩-૨૪માં જાહેર દાનમાં રૂ. ૨૮૧.૪૮ કરોડ મળ્યા હતા, જે વધીને ૨૦૨૪-૨૫માં રૂ. ૫૧૭.૩૯ કરોડ થયા

...અનુસંધાન પાના 2 પર

હાલના ચૂંટણી પરિણામો અમેરિકનોનું એક મોટું પારોઠનું પગલું : ડોનાલ્ડ ટ્રમ્પ

રિપબ્લિકન પક્ષ પહેલા કરતા પણ વધુ મજબૂત બનીને પાછો ફરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો



વૉશિંગ્ટન, તા. 8 : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે તાજેતરની મધ્યસત્ર ચૂંટણીના પરિણામોને અમેરિકા માટે 'ઈતિહાસમાં એક મોટું પાછળ તરફનું પગલું' ગણાવ્યું હતું, જ્યારે ડેમોક્રેટ્સે રિપબ્લિકનને વ્યાપક ચૂંટણી પરાજય આપીને કોંગ્રેસના બંને ગૃહો પર કબ્જો મેળવી લીધો હતો. પોતાનો પક્ષ 'પહેલા કરતા પણ વધુ મોટા અને મજબૂત થઈને વાપસી કરશે' એવો દાવો કરવાની સાથે, ટ્રમ્પે ચૂંટણી પરિણામોને કારણે શેરબજારમાં થયેલા ૩ ટ્રિલિયન યુએસ ડોલરના ભારે નુકસાન માટે પણ તેને જવાબદાર ઠેરવ્યા હતા.

પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે ચૂંટણી પરિણામોએ દેશને એક મોટો આંચકો આપ્યો છે, સાથે તેમણે પોતાના આર્થિક રેકોર્ડનો બચાવ કર્યો હતો અને વાપસીનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે લખ્યું, 'છેલ્લી ચૂંટણીના પરિણામો સાથે અમેરિકાએ ઈતિહાસમાં એક મોટું પાછળ તરફનું પગલું લીધું છે – અહીં સુધી કે શેરબજાર, જે 'ટ્રમ્પ' શાસન હેઠળ 'રોકેટશિપ'ની જેમ આગળ વધી રહ્યું હતું, તેને પણ એક જ દિવસમાં ૩ ટ્રિલિયન ડોલરનું નુકસાન વેઠવું પડ્યું.' તેમણે ઉમેર્યું, 'પરંતુ ડરવાની જરૂર નથી, અમે પહેલા કરતાં પણ

...અનુસંધાન પાના 2 પર

દિવાળી પછી દિલ્હીમાં 'ગંભીર' વાયુ પ્રદૂષણનો ભય, AQI વધીને 383

54 મોનિટરિંગ સ્ટેશનોમાંથી 24 પર હવાની ગુણવત્તા ગંભીર, જ્યારે બાકીના સ્ટેશનો ખૂબ જ નબળી

નવી દિલ્હી, તા. 08 : દિવાળીની સવારે દિલ્હી ઝેરી હવા અને ધુમ્મસની ચાદરમાં લપેટાયેલું જોવા મળ્યું હતું. શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) 383 નોંધાયો હતો, જે 'ગંભીર' શ્રેણીની નજીક છે. શહેરભરના 54 મોનિટરિંગ સ્ટેશનોમાંથી 24 સ્ટેશનો પર હવાની ગુણવત્તા 'ગંભીર' નોંધાઈ હતી, જ્યારે બાકીના સ્ટેશનો 'ખૂબ જ નબળી' શ્રેણીમાં હતા.

રવિવારે બાર મોનિટરિંગ સ્ટેશનોએ 'ગંભીર' હવાની ગુણવત્તા નોંધાવી હતી, જ્યારે 22 સ્ટેશનોએ 'ખૂબ જ ખરાબ' સ્તર નોંધાવ્યું હતું. ધુમ્મસને કારણે રાજધાનીમાં દૃશ્યતા ઘટી ગઈ હતી. સમીર એપ અનુસાર, જહાંગીરપુરીમાં સૌથી વધુ 450 એક્યુઆઈ નોંધાયો હતો,

તા. ૦૮-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૮° સે.	૨૧.૦° સે.	૪૭%

વડાપ્રધાને આ વર્ષે પણ દિવાળી સુરક્ષા જવાનો સાથે ઉજવી

સશસ્ત્ર માઓવાદીઓ ગયા, 'દિમાગી નક્સલો' હજી આપણી વચ્ચે છે : મોદી

છત્તીસગઢના બસ્તર કેમ્પમાં સીઆરપીએફ જવાનોને વડાપ્રધાને સંબોધન કર્યું

કેટલાક રાજકીય પક્ષો અને સંગઠનોમાં ઘૂસી ગયેલા દિમાગી નક્સલોને ઓળખી તેમને હરાવીને દેશને સુરક્ષિત કરવા હાકલ કરી



જગદલપુર, તા. 8 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રાજકીય વિરોધીઓ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે સશસ્ત્ર માઓવાદીઓનો સફાયો થઈ ગયો છે, પરંતુ 'દિમાગી નક્સલ' કેટલીક રાજકીય પાર્ટીઓ અને સંગઠનોમાં ઘૂસી ગયા છે અને લોકોને બંધારણ તથા લોકશાહી સામે ઉશ્કેરી રહ્યા છે.

...અનુસંધાન પાના 2 પર

રાજનાથ સિંહે ભારત-ચીન સરહદે સૈન્ય સાથે દિવાળી ઉજવી

નવી દિલ્હી, તા. 08 : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે ભારત-ચીન સરહદ પર સિક્કિમના નાથુલા નજીક શેરાથાંગ યુદ્ધ સ્મારક ખાતે ભારતીય સૈન્યના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી, રાષ્ટ્રની સેવામાં પોતાના જીવનનું બલિદાન આપનારા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. સંરક્ષણ પ્રધાન પશ્ચિમ બંગાળના સુકના આર્મી બેઝથી